# ટ્રાન્સપોર્ટ બસોને જીપીએસ સિસ્ટમથી ટુંકમાં જોડી દેવાશે

## એએમટીએસ દ્વારા ટોલ ફ્રી નંબર ઉપર કોઈ ફોન ઉપાડતુ ન હોવાની ગંભીર ફરિયાદોની સામે પણ ટુંકમાં કાર્યવાહી

અમદાવાદ,તા. ૫

શહેરના વિવિધ રૂટો ઉપર દોડાવવામાં આવી રહેલી મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસની અંદાજિત ૮૦૦ જેટલી બસોને જીપીએસ સિસ્ટમથી સાંકળી લેવાની કાર્યવાહી તંત્ર દ્વારા શરૂ કરવામાં આવી છે.જેથી કઈ બસ કેટલા વાગે ડેપોમાંથી નીકળી,તે કયાં કેટલી મિનીટ ઉભી રહી થી લઈને અન્ય તમામ માહીતી કંટ્રોલરૂમ પર ઓનલાઈન મેળવવામાં આવશે.જેથી ખાસ કરીને ખાનગી કોન્ટ્રાકટરોના ડ્રાઈવરો દ્વારા બસ ખાલી હોવા છતાં પણ ઉભી રાખવામાં ન આવતી હોવાની ફરીયાદો છેલ્લા કેટલાક સમયથી વધવા પામી છે.તેને ધ્યાનમાં લઈ આવા ડ્રાઈવરો સામે કાર્યવાહી કરવાની દીશામાં પણ તંત્ર વિચારણા કરી રહ્યું છે.અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસની બસોમાં હજુ આજે પણ રોજ સરેરાશ રૂપિયા ૧૭ લાખથી આસપાસની આવક થઈ રહી છે તેવા સમયે ખાનગી કોન્ટ્રાકટરોને આપવામાં આવેલી બસો ડ્રાઈવરો ખાલી દોડાવતા હોવા અંગે,બસ ઉભી ન રાખતા હોવા અંગે તેમજ પેસેન્જરો સાથે અસભ્ય ભાષામાં વાત કરતા હોવાની ફરીયાદો તંત્રને મોટા પ્રમાણમાં મળતા હવે તંત્રે તમામ બસોને જીપીએસ સિસ્ટમથી સાંકળી લેવાની દીશામાં કાર્યવાહી શરૂ કરી છે.

બીજી તરફ આ ફરિયાદોની સામે ચેરમેન ચંદ્રપ્રકાશ દવેનું કહેવું છે કે,તેઓ છેલ્લા ત્રણ મહીનાથી આ બધી જ બાબતોનો અભ્યાસ કરી રહ્યા છે.ખાનગી ડ્રાઈવરો અંગે પુછતા તેમણે કહ્યું કે,તેમને રોજના ૨૦૦ કીલોમીટરનું લક્ષ્ય હોઈ તેઓ તે પુરા કરવામાં શહેરના મુસાફરો સાથે આ પ્રમાણે કરે એ તંત્ર દ્વારા ચલાવી લેવામાં આવશે નહીં.આ પ્રકારેનું વર્તન કરવાવાળા ડ્રાઈવરો સામે પણ પગલા લેવા તંત્ર દ્વારા વિચારણા ચાલી રહી છે.

એક કંટ્રોલરૂમ પણ તૈયાર થઈ રહ્યો છે.જેમાં જીપીએસ સિસ્ટમ ઉપરાંત ડ્રાઈવરા બસોની સ્થિતિ અને લોકશન ઉપર રાઉન્ડ ધ કલોક નજર રાખી બેજવાબદાર ડ્રાઈવરો સામે કાર્યવાહી કરાશે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસમાં તેમને સીયુજી (ગ્રૂપ) કનેકશનથી સાંકળી લેવા પણ તંત્ર તરફથી તૈયારી શરૂ કરવામાં આવી છે.જેથી અધિકારીઓ બીલ વધારે આવે છે એમ કારણ આગળ ધરીને કે ફોન બંધ કરીને તેમની જવાબદારીમાંથી છટકી જઈ ન શકે.

ફોટો ટૉક.... ■ હિરેન ભટ્ટ



*સવાર ઉજળી હોય કે ધૂંધળી, સોનેરી પ્રભાત ઉગી હોય કે ધૂળની આંધી ઊઠી હોય શ્રમિકોને તો પોતાના પેટ માટેના પરિશ્રમમાંથી ફુરસદ મળે તો પરમાત્માની લીલાની પરવાહ કરે ને...! જુઓ ને આ શ્રમિકો; ગાંધીનગરમાં કોઈ ગમતાં ઝાડની ઓથે, ખુલ્લા આભની છત નીચે જીવન ગુજારતા ઘરવિહોણા આ શ્રમિકો સવાર પડી નથી કે કોઈનું 'ઘર' બાંધવા નિકળી પડે છે...! વિધાતાનો તો ભઈ સા'બ આભાસ ઓછો ને વિરોધાભાસ વધુ વરતાય છે...!!!*



ગાંધીનગરના સેક્ટર-૨૧ વૈજનાથ મહાદેવ મંદિર ખાતે આજે રુદ્રી મંડળ દ્વારા લઘુરુદ્ર (પાઠાત્મક)નું આયોજન કરાયું હતું.

# ગીફ્ટ સીટીમાં કયૂએકસ કોર્પોરેટ કંપનીનો પ્રારંભ

ગાંધીનગર, તા.૪

કયુએકસ કોર્પોરેટ એડવાઈઝર્સ દ્વારા ગીફ્ટ સીટીમાં તેમની નવી ઓફિસનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ તબક્કે ગીફ્ટ સીટીના એમ.ડી.એ કયુએકસ કોર્પોરેટ એડવાઈઝર્સને આવકારી હતી અને આ કંપનીના આગમનને લઈ સ્થાનિક બજારની ઉંડી સમજની સાથે નિયંત્રણકારી જરૂરિયાતોનું વ્યાપક જ્ઞાન હોવા ઉપરાંત દુનિયાભરમાં બિજનેસ એસોસિએટસનું વ્યાપક નેટવર્ક મજબુત બનશે અને તેમના માટે પોતાની નિપૂણતાનો ઉપયોગ કરવાની તથા તેને ગીફ્ટ સીટીના ઉદ્દીપક વાતાવરણ તેને વિસ્તારવાની આ મોટી તક છે.

ગાંધીનગર નજીકના ગીફ્ટ સીટીમાં ઝોનલ ફેસિલિટી સેન્ટર, ગિફ્ટ એસઈઝેડ ખાતે કયુએકસ કંપનીની નવી ઓફિસ શરૂ કરવામાં આવી છે. ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સીટી (ગિફ્ટ) તરીકે જાણીતા ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે આવેલા એકસલુઝિવ ફાયનાન્સ એન્ડ ટેક સીટી હબમાં કામગીરી શરૂ કરી છે. ભારત અને ગુજરાતમાં વિસ્તરણના આશાવદ વચ્ચે સંખ્યાબંધ ઈન્ટરનેશનલ અને સ્થાનિક કંપનીઓ સાથે પરામર્શ અને નેટવર્ક માટે આ આદર્શ સ્થળ મળશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના, ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાયનાન્શિયલ સર્વિસીસ સેન્ટર (આઈએફએસસી) વિસ્તારવાના વિઝન અનુસાર એને અમલી બનાવનારી ગાઈડ લાઈન્સ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ), સિકયુરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) અને ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા જેવા આ સેકટરના રેગ્યુલેટર્સ દ્વારા જાહેર થઈ ચૂકી છે જેના કારણે ગિફ્ટ સીટીમાં ઈન્ટરનેશનલ બ્રાન્ચની જેમ બિઝનેસ કરી શકાશે.

આ પ્રસંગે વાત કરતાં કયુએકસ કોર્પોરેટ એડવાઈઝર્સના ડિરેકટર્સ રવિ કૂરાનીએ જણાવ્યું કે 'ભારત જેવા ઈકોનોમિક પાવરહાઉસ નબળી માળખાગત સુવિધાઓને કારણે પાછળ રહ્યા હતા તે હવે એફડીઆઈ, સ્થાનિક વિકાસ અને ગિફ્ટસિટી જેવી પહેલને કારણે અદભૂત વૃદ્ધિનો અનુભવ કરે છે અમે આ નવા ઓફિસ લોકેશન ઉપરથી પ્રાપ્ત થનારી તકો અને તેના વિસ્તરણની તકો અંગે રોમાંચીત છીએ.'

ગિફ્ટ સિટીના એમડી અને ગ્રુપ સીઈઓ અજય પાંડે જણાવે છે કે 'અમે ગિફ્ટ સીટીમાં કયુએકસ કોર્પોરેટ એડવાઈઝર્સને આવકારતાં આનંદ અનુભવીએ છીએ. તે સ્થાનિક બજારની ઉંડી સમજની સાથે નિયંત્રણકારી જરૂરિયાતોનું વ્યાપક જ્ઞાન હોવા ઉપરાંત દુનિયાભરમાં બિઝનેસ એસોસિએટસનું વ્યાપક નેટવર્ક ધરાવે છે. અને તેમના માટે પોતાની નિપૂણતાનો ઉપયોગ કરવાની તથા તેને ગિફ્ટ સીટીના ઉદ્દીપક વાતાવરણમાં તેને વિસ્તારવાની આ મોટી તક છે.'

કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા ઉત્તમ સહયોગને કારણે ગીફ્ટ સીટી પોતાની કામગીરી શરૂ કરવા ઈચ્છતી વિવિધ ફાયનાન્સિયલ સર્વિસીસ અને આઈટી/આઈટીઈએસ કંપનીઓ માટે પસંદગીનું સ્થાન બની રહી છે. ન્યુયોર્ક, હોંગકોંગ, લંડન, દુબઈ અને સીંગાપુરની જેમ ગિફ્ટ સીટી ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ હબ તરીકે વિકસી રહ્યું છે.

# શહેરને સુવિધા માટે ભાજપ સરકાર રકમ નથી જ આપતી

## ભાજપ શાસકો સદ્ભાવના સમય શહેરી નાગરિકો માટે જાહેર કરેલા ૧૦,૦૦૦ કરોડ અંગે જવાબ આપે : કોંગ્રેસ

અમદાવાદ, તા.૫

ઓક્ટ્રોય અવેજી પેટે રૂ. ૯૦૦૦ કરોડ કરતાં વધુ રકમ ભાજપ સરકાર આપતી નથી અને બીજીબાજુ ૮ મહાનગરપાલિકાઓ, ૨૦ નગરપાલિકાઓ અને શહેરી સત્તામંડળોને ચેક અર્પણ સમારોહ હકીકતમાં પ્રસિધ્ધી ભૂખ્યા ભાજપ શાસકોએ પ્રજાના નાણાનોં ધુમાડો કર્યો છે. તેવો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, તા. ૧૫-૧૧-૨૦૦૭ થી રાજયમાં આવેલા મહાનગરો અને અન્ય શહેરી વિસ્તારોમાં ઓક્ટ્રોય નાબુદ કરવામાં આવી ત્યારે રાજય સરકારે જાહેર કરેલ મુજબ જે તે મહાનગરપાલિકા, નગરપાલિકાને અગાઉથી ઓક્ટ્રોય નાબુદીને ધ્યાનમાં લઈને થતાં નુકશાનની રકમ ઓક્ટ્રોય અવેજી તરીકે ચુકવવામાં આવશે. દરવર્ષે તેમાં ૧૦ થી ૧૫ ટકા વધારા સાથે ભાજપ સરકારે આજદિન સુધી મહાનગરપાલિકા અને શહેરી વિસ્તારને ચુકવવાપાત્ર નાણાં ચુકવ્યા નથી. આ બાબતું ભાજપ સરકાર પાલન ન કરીને શહેરમાં વસતા ટેક્ષ પેયર્સ, નાગરિકોને મળતી પાયાની સુવિધા જેમકે શુધ્ધ પીવાનું પાણી, આરોગ્ય સેવા, શિક્ષણ, રસ્તા અને વરસાદી પાણીનો નિકાલથી વંચિત રાખવામાં આવી રહ્યાં છે.

રાજયમાં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સદભાવના દરમ્યાન ૧૦,૦૦૦ કરોડ રૂપિયા જેટલી જાહેર કરેલ રકમમાંથી આજદિન સુધી આ શહેરોને નાણાં મળ્યા નથી. ભાજપ શાસનમાં મોદી સરકારે શરૂ કરેલી મોટી મોટી જાહેરાતોની પરંપરા પણ આનંદીબેન સરકારે ચાલુ રાખીને ગુજરાતના નાગરિકોને અન્યાય કરી રહેલ છે. કોંગ્રેસના આક્ષેપો મામલે ભાજપે તેની પ્રતિક્રિયા આપી નથી.

# પાંચ ટીપી સ્કીમોમાં મ્યુનિનો રિઝર્વ પ્લોટ વેચવાનો નિર્ણય

મ્યુનિસિપલ કોર્પોરેશનની આજરોજ મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મ્યુનિ.કમિશનર દ્વારા એક તાકીદની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી.આ દરખાસ્તમાં શહેરના પૂર્વ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની માલીકીના રિઝર્વ પ્લોટને સબ પ્લોટમાં વહેંચી નાંખી તેને સો ચોરસવારના હીસાબે એમ.આઈ.જી.ના લોકોને વેચાતા આપવાની આ દરખાસ્તને કમિટીએ મંજુરી આપતા મંજુર કરવામાં આવેલી આ દરખાસ્તને લઈને વિવાદ સર્જાવા પામ્યો છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન જ્યાં એક તરફ તેની માલીકીના રિઝર્વ પ્લોટોને જાળવી શકતું નથી.ત્યાં બીજી તરફ મ્યુનિની.માલીકીના રિઝર્વ પ્લોટો અંગે કોર્પોરેશનના એસ્ટેટ અને ટાઉનપ્લાનિંગ વિભાગ દ્વારા કોઈ પ્રકારનું ધ્યાન આપવામાં ન આવતાં અમદાવાદ શહેરના અનેક મ્યુનિની માલીકીના રિઝર્વ રાખવામાં આવેલા પ્લોટો ઉપર ગેરકાયદે આખીને આખી વસાહતો,ઝૂંપડપટ્ટીઓ કે કમર્શીયલ પ્રકારના બાંધકામો થઈ જવા પામ્યા હતા.

## સાબરકાંઠા જિલ્લા પાણી પુરવઠા વિભાગનો એકશન પ્લાન તૈયાર

ઉનાળાની ગરમીના આરંભે સાબરકાંઠા જિલ્લાના કોઈ પણ ગામે પાણીની અછત ન ઉભી થાય તે માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં જિલ્લાના ૬૭૬ ગામોને વિવિધ પાણીના સ્ત્રોત દ્વારા પાણી પુરું પાડવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ૮ તાલુકામાં ૬૫૧ હેન્ડ પંપ રીપેરીંગ કરવામાં આવ્યા છે. જે માટે કુલ ૧૪ ટીમો હેન્ડ પંપ રીપેરીંગ માટે કાર્યરત કરવામાં આવી છે તેમ કલેકટર પી.સ્વરૂપે જણાવ્યું હતું.

## કંપની સમાચાર

### અમદાવાદમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનું બિગ બોલેરો પીકઅપ લોન્ચ

ભારતીય પીક-અપ સેગમેન્ટમાં અગ્રણી મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડ અમદાવાદમાં બિગ બોલેરો પીક-અપ લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે તેના ગ્રાહકોને વેપારમાં શ્રેષ્ઠ મૂલ્ય ઉપલબ્ધ કરાવશે. બિગ બોલરો પીક અપ ૯ ફૂટ (૨૭૬૫ એમએમ))ની કાર્ગો બોડી લંબાઈ અને ૧,૫૦૦ કિલોથી પણ વધુ પેલોડ ક્ષમતા તથા આકર્ષક દેખાવ અને આરામદાયક કેબિનની સુવિધા સાથે આ કેટેગરીના સ્તરને વધુ ઉંચુ લઈ જઈને બેન્ચમાર્ક સ્થાપિત કરશે તેવો વિશ્વાસ છે. બિગ બોલેરો પીક-અપ તેના ખડતલ અને મજબૂત ડીએનએની સાથે સાથે આવકમાં વૃદ્ધિની ક્ષમતાઓ, નીચા મેન્ટેનન્સ જેવા ગુણોને જાળવશે અને રૂ. ૬.૪૫ લાખ (બીએસ-૪ એક્સ-શો રૂમ અમદાવાદ, ૧.૨૫ ટી માટે) સાથે ઉપલબ્ધ બનશે.

નાણાંકીય વર્ષ ૨૦૧૬માં પીક-અપ સેગમેન્ટમાં ૬૯ ટકા બજાર હિસ્સા સાથે મહિન્દ્રાએ બજારમાં આગેવાની જાળવી રાખી છે અને આ ઉદ્યોગના પીક-અપ સેગમેન્ટમાં સૌથી પહેલાં નવીન પ્રોડકટસ અને ટેકનોલોજી લોન્ચ કરી છે.

સ્ટેન્ડ ઓપરેટર્સ, બિઝનેસમેન અને ટ્રેડર્સની તમામ પ્રકારની જરૂરિયાતો પૂર્ણ કરી શકે તે રીતે ડિઝાઈન કરાયેલ બિગ બોલેરો પીક-અપ બે વેરિઅન્ટસમાં ઉપલબ્ધ બનાવવામાં આવ્યું છે - ૧,૨૫૦ કિલોની ક્ષમતા ધરાવતા પેલોડ ઓફરિંગ તથા સૌપ્રથમ ૧,૫૦૦ કિલો. આ ઉપરાંત સુપ્રીમ વર્કહોર્સ નીચા મેન્ટેન્સની સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે. બિગ બોલેરો પીક-અપ મહિન્દ્રાના વિશ્વસનીય અને સાબિત થયેલ એમડીઆઈ એન્જિનથી સજ્જ કરવામાં આવ્યું છે, જેનું બીએસ૨ વેરિઈન્ટ માટે ૩૨૦૦ આરપીએમ (૬૩ એચપી)ના સ્તરે ૪૬.૩ કેડબલ્યુનું આઉટપુટ છે, જ્યારે કે બીએસ૪ વેરિઅન્ટમાં ૩૨૦૦ આરપીએમ (૭૦ એચપી)ના સ્તરે ૫૨.૨ કેડબલ્યુનું આઉટપુટ છે. બિગ બોલેરો પીક-અપ મોટી અર્ગોનોમિકલી ડિઝાઈન કેબિન, સ્ટાઈલિશ ઈન્ટિરિયર્સ અને પાવર સ્ટિયરીંગ સહિતની એવી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવે છે.

આ પ્રસંગે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડના પ્રેસિડેન્ટ અને ચીફ એક્ઝિક્યુટિવ (ઓટોમોટિવ) શ્રી પ્રવિણ શાહે જણાવ્યું હતું કે, 'છેલ્લાં એક દશકથી પણ વધુ સમયગાળાથી પીક-અપ સેગમેન્ટમાં અગ્રણી હોવા તરીકે અમે અમારા ગ્રાહકોની નવીન જરૂરિયાતોને પહોંચી વળવા માટે મજબૂત સિસ્ટમ અને પ્રક્રિયા વિકસાવી છે.

## વાવાઝોડા સાથે વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. બીજી તરફ રાજયમાં આવેલા વાતાવરણના પલટાની અસર વચ્ચે રાજયના કચ્છ જિલ્લાના ભૂજ ખાતે ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. જ્યારે સાવરકુંડલાના વંડા ખાતે કરા સાથે વરસાદ થતા લોકોએ બાફ અને ગરમીની વચ્ચે રાહત અનુભવી હતી. અમરેલી પંથકમાં પાછલા બે દિવસથી ભર ઉનાળે અષાઢી માહોલ સર્જાતા કમોસમી વરસાદ થઈ રહ્યો છે. ગઈકાલે ક્રાંકચ અને બાબરાના લુણકી પંથકમાં કરા સાથે કમોસમી વરસાદ થયા બાદ આજે પણ આ માહોલ જળવાઈ રહ્યો હતો. આજે સાવરકુંડલા તાલુકામાં અને લીલીયા તાલુકામાં કમોસમી વરસાદ થયો હતો. સાવરકુંડલા તાલુકાના જીરા અને ફીફાદ ગામમાં ભારે પવન અને કરા સાથે મોડી સાંજે કમોસમી વરસાદ તૂટી પડ્યો હતો. આવી જ રીતે લીલીયા તાલુકાના નાના લીલીયા, ક્રાંકચ તથા આસપાસના ગામોમાં સાંજે ભારે પવન અને કરા સાથે વરસાદ થયો હતો. અમરેલી પંથકમાં છેલ્લા બે દિવસથી કમોસમી વરસાદ નથી. ગયા વર્ષે કમોસમી વરસાદે કેરીના પાકને નુકશાન કર્યું હતું. લીલાયામાં પણ ધીમીધારે વરસાદ વરસ્યો હતો.

## તન-દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

બહેન આ પ્લેટલેટ ક્યાં પ્રકારના દર્દીને આપવામાં આવે છે? સામાન્ય રીતે કેન્સર, બોર્નમેરોના રોગો, ઓપરેશન પછીનું બ્લીડીંગ અને ડેન્ગ્યું જેવા કેસોમાં પ્લેટલેટ આપવામાં આવે છે.

વિભાબહેન બોલ્યા... વાતો વાતોમાં તમારી બોટલ તો ભરાઈ ગઈ હવે તમે ૧૦-૧૫ મિનીટ બોટલ આરામ લો તમને કોફી અને બિસ્કીટ આપે એટલે પાટો બંધાવી ખાઈ લેજો એ ડોનેશન પછી ખુબ જરૂરી છે મુકેશભાઈ વધુ પડતા ઉત્સુક માણસ એમને વિભા બહેનને પૂછ્યું, આ લોહીમાંથી આ ઘટકો કઈ રીતે જુદા પાડવામાં આવે છે.

વિભા બહેને કહ્યું ઘટક બનાવવા માટે 450 ML ડોનર નું બ્લડ લેવા માં આવે છે અને એના માટે સ્પેશિયલ ડબલ, ત્રિપલ...બેગ વપરાય છે એમાં પ્રાઈમરી બેગ જેમાં એન્ટીકોગ્યુલંટ અને પ્રીઝરવેટીવ હોય છે. આ બેગને સેન્ટ્રીફ્યુઝ કરવામ આવે છે પહેલા લાઈટ સ્પીન આપીને સેલ અને પ્લાઝમાને અલગ પાડવામાં આવે છે પછી હેવી સ્પીન આપીને અન્ય ઘટકો જુદા પાડવામાં આવે છે. આ પ્રક્રિયા યોગ્ય તાપમાને જંતુરહિત વાતાવરણમાં કરવામાં આવે છે પછી એને પ્રોપર તાપમાને સાચવવામાં આવે છે એમાં રહેલા પ્રિઝરવેટીવના પ્રકાર મુજબ PCVની લાઈફ ૩૫ થી ૪૨ દિવસ સુધી FFP અને CRYOPRECIPITAT ૧ વર્ષ ઘટક રહી શકે છે.

કોફી પિતા પિતા મુકેશભાઈની નજર રીફ્રેશમેન્ટ રૂમમાં લગાડેલા ફોટા પર પડી, એમને પૂછ્યું - બહેન આ ફોટામાં ભાઈ હાથ સાથે આ મોટું મશીન કેમ જોડેલ છે આ કઈ રીતે લોહી આપી રહ્યા છે? વિભાબહેને કહ્યું - આ ને એફેરેસીસ પ્રોસીઝર કહેવામાં આવે છે. મુકેશભાઈએ કહ્યુ એવડી શું હોય? મુકેશભાઈ આ એક અદ્યતન પદ્ધતિ છે જેમાં દર્દીની જરૂરિયાત હોય એ ઘટક ડોનરના શરીરમાંથી આ મશીન ચાલુ ટેપિંગ દરમિયાન અલગ પડે છે? એટલે? મને કઈ ખબર ના પડી જુઓ મુકેશભાઈ હાથમાં બે નીડલ મારેલી છે એકમાંથી લોહી ડોનર ના શરીરમાંથી મશીનમાં જાય છે અને પ્લાઝમા તથા પ્લેટલેટ જુદા જુદા પડે છે અને RBC (રક્ત કણો ) પાછા ડોનરના શરીરમાં આવે છે જોકે તમારું લોહી લેતા જેમ ત્રણથી ચાર મિનીટ લાગી તેમ આ પ્રોસીઝરમાં વધારે સમય લાગે છે લગભગ ૧ કલાકથી ૨ કલાક થાય છે એ માટે T.V, મેગેઝીન વગેરની સુવિધા આપવામાં આવે છે .

વિભાબેન તમારો ખુબ ખુબ આભાર. આ બધી માહિતી આપવા માટે પણ બોલતા બોલતા મુકેશભાઈ ચક્કર ખાઈને ઢળી પડ્યા. બ્લડ બેંકના ડોકટરે અને સ્ટાફે એમને ઊંચકીને પલંગ પર સુવડાવ્યા. પગ અધ્ધર કરી દીધા અને BP માપ્યું અને માથા પર વચ્ચે પ્રેસર આપ્યું. બે ત્રણ મિનીટમાં જ મુકેશભાઈ સ્વસ્થ થયા. ડોકટરે સમજાવ્યું આવું ઘણી વાર થતું હોય છે ડોનરને વોમીટીગ થવી ચક્કર આવવા વાઝોવેગલ શોક એ બહુજ સામાન્ય લક્ષણો છે તમે અડધો કલાક અહી જ અમારી દેખરેખ હેઠળ આરામ કરો અને પછી સ્વસ્થ થઈને ઘરે જાવ.

- sgpathlab@gmail.com

## પારો ગગડ્યો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદી માહોલ છવાયો હતો. વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ વાદળોની અવરજવર ચાલુ રહી છે. વાદળોની અવરજવરના કારણે મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. ૪૨-૪૩ ડિગ્રી મહત્તમ તાપમાનમાંથી પારો ૩૮-૩૯ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. આકરી ગરમીન અને લુનો સામનો કરી રહેલા વસાહતીઓએ ઘટતી ગરમીથી રાહત અનુભવી હતી. આજે તો સવારથી જ વાતાવરણ એકદમ ધૂળીયુ જણાતુ હતુ. આકાશમાં એટલી બધી ધૂળ હતી કે સૂર્ય પણ દેખાતો ન હતો. જાણે આકાશમાં ધૂળની ચાદર છવાઈ ગઈ હતી. દિવસ ચઢતા આકાશમાં છવાયેલી ધૂળ ધીમે ધીમે નીચે ઉતરી હતી. જેના કારણે ઘરોમાં ધૂળ પેસી ગઈ હતી. ઘરની બહાર ઉભેલા વાહનો પર ધૂળ છવાયેલી નજરે પડતી હતી. ગૃહિણીઓએ ઘરની ખુબ સાફસફાઈ કરવી પડી હતી. વાહનો પરથી પણ ધૂળ હટાવવી પડી હતી. સાંજ પછી વાતાવરણ થોડુક સ્વચ્છ બન્યુ હતુ. ધૂળીયા વાતાવરણના કારણે મહત્તમ તાપમાન ઘટ્યુ હતુ. અને પારો ૪૦ ડિગ્રી નોંધાયું હતો. જ્યારે લઘુત્તમ ૨૮ તાપમાન ડિગ્રી અને ભેજનું પ્રમાણ સવારે ૫૯ ટકા અને સાંજે ૫૦ ટકા રહ્યું હતું.

## પ્રારબ્દ્ધનો જંગ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પૂર્વેની જાહેરાત કરશે તેમ જાણવા મળેલ છે. તો બીજી તરફ ભારતીય જનતા પક્ષના સભ્યો પણ આબુ-અંબાજી થઈ આજે સાંજે પરત ફર્યા છે અને રાત્રે ડિનર ડિપ્લોમસી કરી હતી. બન્ને પક્ષો તરફથી કયા ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે તે અંગે સસ્પેન્શ રાખવામાં આવી રહ્યું છે. સવારે આ અંગેનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

બન્ને પક્ષની પ્રદેશ નેતાગીરી દ્વારા આ અંગેની કવાયત હાથ ધરવામાં આવી છે તેમજ બન્ને પક્ષઓ દ્વારા તેમના લીગલ એક્ષ્પર્ટને સાથે રાખી પક્ષનો મેન્ડેટ પણ બજાવી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

આ ચૂંટણી જંગ એ પ્રારબ્દ્ધનો જંગ બને છે કે કાવા-દાવાનો જંગ બને છે તે તો કાલ જ કહી શકાય અને કામના ગર્ભમાં શું છે તે તો જાણવુ અશક્ય છે.

## ભારે વરસાદથી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેળાની ૨૨મી એપ્રિલના દિવસે શરૂઆત થઈ હતી. આ મેળામાં પાંચ કરોડ શ્રદ્ધાળુઓ પહોંચે તેમ માનવામાં આવે છે. દર ૧૨ વર્ષમાં આનુ આયોજન કરવામાં આવે છે. ભારે વરસાદના કારણે સાધુ સંતોની હાલત પણ કફોડી બની ગઈ હતી. મોતનો આંકડો વધી શકે છે. કારણ કે ટેન્ટઅને મકાનો નીચે લોકો ફસાઈ ગયા છે. ગુરુવારે સાંજે અચાનક શરૂ થયેલા ભારે વરસાદ અને તેજ પવનના કારણે સિંહસ્થ મેળા વિસ્તારમાં ભારે નુકસાન થયું છે. સાધુ સંતોના કેટલાય મંડપ પડી ગયા છે. એક સાધુ અને ત્રણ મહિલાઓ સહિત કુલ ૯ લોકોનાં મોત નીપજ્યા છે. જ્યારે ૧૦૦ી વધારે લોકો ઘાયલ થયા છે. ઉલ્લેખનીય છે કે, શુક્રવારે સિંહસ્થના સ્નાન માટે ૨૫ લાખ લોકો આવવાના હોવાની શક્યતા છે. છેલ્લા હેવાલ મુજબ મૃતકોની સંખ્યા નવ પર પહોંચી ગઈ છે. મૃત્યુ પામનારી ઓળખ કરી લેવામાં આવી છે. જે રૂમલ કૌર, અંબાબાઈ, પ્રહલાદ, ભગીરથ, રૂષીપ્રસાદ, ભૂતિબાઈ તરીકે ઓળખાયા છે. છેલ્લા સમાચાર મળ્યા ત્યારે પણ ઉજૈનમાંહજુ તેજ પવન ચાલી રહ્યો છે. ઉજ્જૈનમાં ભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બની ગઈ છે. મેળા ક્ષેત્રનાં પ્રભાર મંત્રીએ જણાવ્યું કે, કોઈ પણ પંચકોશી યાત્રીને કોઈ નુકસાન નથી થયું. માત્ર એક મહિલાનું વિજળી પડવાથી મોત નીપજ્યું છે. જલ્લા હોસ્પિટલનાં ડૉક્ટરે જણાવ્યું હતું કે, ૪૦થી વધારે ડૉક્ટરોની ટીમ ઘાયલોની સારવાર માટે કામ કરી રહી છે. મેળાના વિસ્તારમાં કેટલાય મંડપ અને ગેટ પડી ગયો છે. ઈસ્કોન મંડપના ગેટ પણ પડી ગયો છે. દરમિયાન દેશના અન્ય કેટલાક ભાગોમાં પણ આજે ભારે વરસાદ થયો હતો. મધ્યપ્રદેશના અન્ય ભાગોમાં પણ વરસાદ થયો છે. રાજસ્થાનમાં પણ હવામાનમાં એકાએક ફેરફારની સ્થિતી જોવા મળી હતી. જો કે ઉજ્જૈનમાં ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ હતુ. હાલમાં ઉજ્જૈનમાં લાખો શ્રદ્ધાળુઓ ભેગા થયા છે. જેના કારણે તંત્ર પર વધારે દબાણ આવી ગયુ છે.